
**વડીલોને વંદન**
**અભિનંદન**



હસમુખભાઈ વી. ઠાકર
(૧૯૪૭) મો. ૭૮૭૪૪૧૪૦૬૬



એન.આર.ભોજક
(૧૯૩૬) ફોનઃ ૨૩૨૩૧૦૯૨

# આવતીકાલ સાંજથી ગુજરાતમાં પ્રચારના પડઘમ શાંત

## મોદી, સોનિયા, રાહુલની ચૂંટણી સભાઓમાં એકત્ર થતી જનમેદનીથી બંને પક્ષો મુંઝવણમાં : મોદીની સભાઓ ભાજપના પ્રચાર અભિયાનને વેગ આપશે

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતની ૨૬ બેઠકો માટે તા. ૩૦મી એપ્રિલના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીના પ્રચારના પડઘમ તા. ૨૮મી એપ્રિલ સોમવારની સાંજે શાંત થઈ જશે. લોકસભાના સાતમાં ચરણની ચૂંટણીમાં કુલ ૯ રાજ્યોની ૮૯ બેઠકો માટે ૩૦મી એપ્રિલે ચૂંટણી યોજાનાર છે. જેમાં ગુજરાતની ૨૬ બેઠકો પર ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. જેના કારણે ગુજરાતના શુષ્ક રહેલા ચૂંટણી વાતાવરણમાં પ્રાણ ફુંકવા નરેન્દ્ર મોદીએ છેલ્લી ઘડીનું એડીચોટીનું જોર લગાવી ગુજરાતમાં વડોદરાની રેલી સહીત સોમવાર સુધીમાં કુલ ૧૮ જાહેરસભાઓ સંબોધી હશે. જ્યારે ગુજરાતમાં ૯૧ થી વધુ થ્રીડી સભાઓને સંબોધન કર્યુ છે.

બીજી તરફ, કોંગ્રેસ પક્ષે પણ ગુજરાતમાં તેની ગત લોકસભાની સ્થિતિ જાળવી રખવા અને નરેન્દ્ર મોદીની લહેરને ગુજરાતમાં રોકવા છેલ્લી ઘડીના તમામ પ્રયાસો હાથ ધર્યા છે. કોંગ્રેસની અધ્યક્ષા સોનિયા ગાંધી તથા ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ઝંઝાવતી જાહેરસભાઓ ઉપરાંત આવતીકાલે રવિવારે વડાપ્રધાન મનમોહનસિંહની અમદાવાદમાં બૌદ્ધિકો સાથે ચર્ચાનું આયોજન કરી કોંગ્રેસે પોતાની તરફેણમાં દિગ્ગજ પ્રાદેશિક નેતાઓ પૈકી શંકરસિંહ વાઘેલા તથા શક્તિસિંહ ગોહિલ વગેરે અત્યારે લોકસભાની ચૂંટણી લડવામાં વ્યસ્ત હોવાથી ખુદ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો ભાર પોતાના ખભે ઉંચકીને ફરી રહ્યા છે. તેમનો એક પગ કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય રાજીવ ગાંધી ભવનની એરકન્ડીશન કચેરીમાં હોય છે, જ્યારે બીજો પગ સોનિયા તથા રાહુલ સાથેના પ્રવાસમાં હોવાથી પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ જુદા-જુદા મત વિસ્તારોમાં ફરી કોંગ્રેસનો પ્રચાર કરી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ કોંગ્રેસ તરફથી ફાળવવામાં આવેલા ચૂંટણી ફંડ પણ ઉમેદવારો સુધી પૂરતી માત્રામાં પહોંચ્યો નહીં હોવાની વ્યાપક ફરીયાદો વચ્ચે કોંગ્રેસનું ચૂંટણી પ્રચાર અભિયાન છેલ્લી ઘડીએ કમજોર પડી રહ્યું હોવાના સંકેતો મળી રહ્યા છે જ્યારે બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના પૈસાની રેલમછેલ વચ્ચે ભાજપના કોષાધ્યક્ષ તરફથી પણ ઉમેદવારોને ફોન કરીને પૈસાની જરૂર હોય તો જણાવજો તેમ કહેવામાં આવે છે અને જરૂરીયાતમંદવાળા ઉમેદવારોને વધુ નાણાં પૂરા પાડવામાં આવતા હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતની ૨૬ બેઠકો માટે ૩૦મી એપ્રિલે યોજાઈ રહેલી ચૂંટણીનો પ્રચાર ભારે કશ્મકશ ભરી સ્થિતિ વચ્ચે અત્યારે અંતિમ તબક્કામાં પહોંચ્યો છે. કોંગ્રેસના ઘણા દિગ્ગજો ભાજપમાં જોડાઈ ગયા હોવાથઈ અને તેમને ભાજપ દ્વારા ટિકીટ પણ આપવામાં આવી હોવાથી સ્થાનિક સ્તરે ભાજપના કાર્યકરોમાં પક્ષપલટુ ઉમેદવારો સામે ભારે રોષ અને કચવાટ જોવા મળી રહ્યો છે તેમ છતાંય ચૂંટણી જીતવા માટે ભાજરનું માઈક્રો પ્લાનીંગ કોંગ્રેસને હંફાવી રહ્યું છે. જ્યારે ઘર આંગણાની આ ચૂંટણીમાં ખુદ નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠા દાવ લાગી હોવાથી કોંગ્રેસને કઈ વધુ પ્રાપ્ત કરવાનો ઉલ્લાસ જણાતો નથી અને કઈ ગુમાવશે તેનો રંજ પણ જણાતો નથી. આ ચૂંટણીમાં કોંગ્રેસ તેની મૂળ બેઠકો જાળવી રાખે તો સોનામાં સુગંધ ભળે અને બેઠકો ઓછી થશે તો મોદીના જુવાળ સામે કોંગ્રેસ ટકી રહી છે. તેઓ આત્મસંતોષ રહેશે તેમ પણ સુત્રો જણાવી રહ્યા છે.




(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

લોકસભાની ચૂંટણીમાં મતદાનને આડે હવે ત્રણ દિવસ બાકી છે ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણીતંત્ર વહીવટીતંત્ર સાથે ખાનગી અને અર્ધસરકારી સંસ્થાઓ મતદાનમાં લોકજાગૃતિ લાવવા પ્રયાસો કરે છે. આ સંદર્ભે બનાસકાંઠા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા, જિલ્લા માહિતી અધિકારી અને કર્મચારીઓએ મતદાન જાગૃતિ અને બેનરો સાથે વિશાળ રેલી યોજી હતી.

# ડોર ટુ ડોર કચરાની ગાડીથી દેશી દારૂનો જથ્થો ઝડપાયો

અમદાવાદ, તા.૨૬

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે પોલીસ વધુ સક્રિય થઇ ગઇ છે. આના ભાગરૂપે જ પોલીસને મોટી સફળતા હાથ લાગી હતી.

દારૂનો જથ્થો લાવવા માટે જુદા જુદા પ્રયોગ થઇ રહ્યા છે પરંતુ પોલીસ આને નિષ્ફળ બનાવી રહી છે. આજે ડોર ટુ ડોર કચરાની ગાડીમાંથી દેશી દારૂનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં એકની ધરપકડ કરાઈ છે. એક તરફ અમદાવાદ પોલીસ પ્રોહીબીશન ડ્રાપની એક્ટીવીટી કરી રહી છે ત્યારે આજે ભરબપોરે અમદાવાદના મેઘાણીનગર પોલીસની હદમાં આવેલા ભાર્ગવ રોડ પાસેના સ્વામી હરણમુદાસ સોસાયટીના નાકા પાસેથી બાતમીના આધારે એએમસીની ડોર-ટુ-ડોર કચરા ભરી જવાની ગાડીમાંથી દારૂ ઝડપાયો હતો. ૫૮૦ લીટર દેશી દારૂ સાથે મેઘાણીનગર પોલીસે ૨૦ વર્ષીય પ્રતાપ ઠાકોરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી પ્રતાપ પાસેથી મળી આવેલ કુલ ૨૯૦ નંગ દેશી દારૂની થેલીની કિંમત ૧૧,૬૦૦ હોવાનું જાણવા મળ્યું છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)


આજે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર શહેરમાં લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જોઈતારામ પટેલે ભારે જોમ જુસ્સા સાથે અસંખ્ય કાર્યકરો સાથે માર્ગો પર રોડ શો યોજ્યો હતો. શહેરના જાહેર માર્ગો પર આ વાહનો સાથે બાઈકો સાથે ખુલ્લી જીપમાં મહેશભાઈ પટેલ, ઝાકીરભાઈ ચૌહાણ, રાયમલજી સોલંકી, પ્રકાશ અગ્રવાલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# રાજ્યમાં કુલ ૨૦૭૭૬૧ લીટર દેશી દારૂ જપ્ત થયો

## ૧૧૫૩૭૮૦ વિદેશી દારૂની બોટલ જપ્ત : ૧૮૬૪૬૦ વ્યક્તિઓ સામે અટકાયતી પગલા લેવામાં આવી ચુક્યા


ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં ૨૬ લોકસભાની બેઠક માટે મતદાન આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ચૂંટણી પંચે પણ તમામ પ્રવૃત્તિ ઉપર નજર કેન્દ્રિત કરી દીધી છે. હાલમાં દારુનો જંગી જથ્થો ઠાલવવામાં આવી રહ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. ચૂંટણી જાહેરાત થયા બાદ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૨,૬૪૯ વ્યક્તિઓને બિન જામીનપાત્ર વોરંટની બજવણી કરવામાં આવી છે જે પૈકી અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૬૫૫૮ વ્યક્તિઓને બિનજામીનપાત્ર વોરંટ બજાવાય છે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૧,૫૩,૭૮૦ વિદેશી દારૂની બોટલ અને ૨,૦૭,૭૬૧ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવી છે જે પૈકી સૌથી વધુ અરવલ્લી જિલ્લામાંથી ૨,૮૦,૩૭૯ વિદેશી દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. સૌથી વધુ ૪૨,૮૫૬ લીટર સુરત જિલ્લામાંથી અને સૌથી ઓછો ડાંગ જિલ્લામાંથી ૨૫૧ લીટર દેશી દારૂ જપ્ત કરાયો છે. આગામી લોકસભાની ચૂંટણીઓ ૨૦૧૪ મુક્ત અને ન્યાયી પારદર્શક વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં અસરકારક આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પરવાનો ધરાવતાં ૪૮૭૩૬ જેટલા હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવાયા છે. જમા કરાવાયેલા હથિયારો પૈકી સૌથી વધુ પરવાનો ધરાવતા ૫૬૨૨ હથિયારો અમદાવાદ જિલ્લામાં જમા લેવામાં આવ્યા છે, જ્યારે ડાંગ જિલ્લામાં પરવાના ધરાવતા સૌથી ઓછા ૩૧૯ હથિયારો જમા લેવામાં આવ્યા છે, એમ ગુજરાત મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે. ચૂંટણી દરમિયાન શાંતિ અને સલામતી વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો પારદર્શક વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ની જાહેરાત કરી ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૧,૮૬,૪૬૦ વ્યક્તિઓ સામે સીઆરપીસી એક્ટ હેઠળ અટકાયતી પગલા લેવામાં આવયા છે જે પૈકી અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે ૧૯,૧૬૪ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે. એમ યાદીમાં વધુમાં જણાવાયું છે. ગુજરાતમાં દારુની રિકવરી અંગે પુરતી માહિતી હાલમાં ચૂંટણી પંચ દ્વારા પણ આપવામાં આવી હતી.



આગામી લોકસભાની ચૂંટણી માટેનો પ્રચાર હવે અંતિમ ચરણ તરફ જઈ રહ્યો છે ત્યારે દાંતા મતવિસ્તારનાં મતદારોને સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદ પટેલ દાંતાં આવી પહોંચ્યા હતા ને પછી રતનપુર ખાતે કોંગ્રેસની જાહેર સભા સંબોધવા પહોંચ્યા હતા. અહેમદ પટેલનું ફુલોનો હાર પહેરાવી તેમનું સન્માન કરાયું હતું. આ સભામાં કોંગ્રેસના ધારાસભ્યો સહિત રાજસભાના સભ્ય અલકાબેન ક્ષત્રિય કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી કાદીર પીરજાદાએ તેમજ અહેમદ પટેલે ગુજરાતની ભાજપા સરકાર સહિત મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. માત્ર જુઠ્ઠાણા ફેલાવતી સરકાર હોવાનો આક્ષેપ કર્યો હતો. જ્યારે ગુજરાતને મોડલ બનાયા બાદ દેશને મોડલ બનાવવાની નરેન્દ્ર મોદીની વાતનો છેદ ઉડાડતાં તેમને મોડલ નામ ન લેવા જણાવ્યું હતું. કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળશે અને યુપીએ થ્રીની સરકાર બનશે તેમ જણાવતાં મતદારોને કોંગ્રેસ તરફી મતદાન કરવા અપીલ કરી હતી.

## શબ્દાવલી - ૫૩૭૯



**આડી ચાવી**

૧. એક પ્રકારની શીંગો જેવું શાક કે કઢી બને (૪)
૫. તગારૂં, બકડીયું (૩)
૭. રસથી ભરપુર (૪)
૮. 'કલીપસ' શબ્દ આડોઅવળો (૪)
૯. સાચે જ ખરેખરનું અંગ્રેજી (૩)
૧૧. વલોપાત, હાયવોય (૫)
૧૩. જ્યાં એક કરતાં વધારે ટ્રેનો આવે તેવું મોટું સ્ટેશન (૪)
૧૬. મહાદેવના નાના પુત્ર (૪)
૧૭. દાઝ, ઉત્કટતા, ઉત્સાહ (૩)
૨૦. એકાગ્ર, લીન (૪)

**ઊભી ચાવી**

૧. આગતા સ્વાગતા (૪)
૨. પ્રવાહી (૨)
૩. ગદા જેવું શસ્ત્ર હોય તેવા (૪)
૪. યુદ્ધ, લડાઇ અંગ્રેજીમાં (૨)
૫. ધાક, દાબ (૩)
૬. અસલ નહિ તેવું પણ અસ્સલ ના જેવું જે (૫)
૮. લીલા, ક્રિડા કે વિલાસવાળુ (૩)
૧૦. ખરાબગતિ, દશા (૪)
૧૨. જમીન, ધરતી (૪)
૧૩. જંગલમાં વસનારૂં (૩)
૧૪. નાનકડો, અણુ, રજ...(૨)
૧૫. સોગંદ, સમ (૩)
૧૮. 'યગ'નું ઉંધુ (૨)
૧૯. '...ના કોથળા વગેરે બને' (૨)

## શબ્દાવલી ૫૩૭૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઇલમ (૩) ફારગતિ (૭) મારુક (૮) આકાશયાન (૯) નરબલિ (૧૧) રસાકસી (૧૨) રક્તદાન (૧૪) ખટરાગ (૧૬) વાહ (૧૮) મલ (૧૯) વારી (૨૦) વર્ષગાંઠ (૨૧) દ્યદીમા

**ઊભી ચાવી :-** (૧) ઇમાનદાર (૨) લશ્કર (૩) ફાકા (૪) રશ (૫) ગયા (૬) તિનપાસ (૮) આલિસાન (૧૦) બરદાસ (૧૩) ખરાવાદી (૧૪) ખલ (૧૫) ગરીમા (૧૬) વાવ (૧૭) હર્ષ (૧૮) મઠ

# સુષ્મા આજે ભાવનગર અને ખેડામાં સભા કરશે

ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજ પણ આવતીકાલે ગુજરાતમાં પ્રચાર કરનાર છે. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે ૨૬ બેઠકો માટે મતદાન યોજાનાર છે જેથી હવે ભાજપના સ્ટાર પ્રચારકો પણ ગુજરાતમાં ઉતરી પડ્યા છે. ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપના રાષ્ટ્રીય નેતા અને લોકસભા વિરોધપક્ષના નેતા સુષ્મા સ્વરાજ આવતીકાલ તા. ૨૭-૪-૧૪ને રવિવારના રોજ સાંજે ભાવનગર અને ખેડા લોકસભા ક્ષેત્રમાં જાહેર સભાઓને સંબોધશે. સાંજે ૪:૦૦ કલાકે ગુલીસ્તાન મેદાન, આતાભાઈ ચોક, ભાવનગર અને સાંજે ૬:૧૫ કલાકે ધોળકા, જિ. ખેડા ખાતે સભાઓ સંબોધશે.

# છ ઝોનમાં ૧૨ નવા પાર્કીંગ કોમ્પલેક્ષ બનાવવા તૈયારી

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં શહેરના છ ઝોનમાં નવા ૧૨ મલ્ટી સ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ બનાવવાનું બજેટમાં નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ અગાઉ કાંકરિયામાં ૩૦ કરોડના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ પાર્કીંગ હાલમાં કોઈ જ ઉપયોગ કરતું નથી, ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બીજા ૧૨ મલ્ટી સ્ટોરીડ પાર્કીંગ કોમ્પલેક્ષ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના કાંકરિયામાં થોડા સમય અગાઉ રૂા. ૩૦ કરોડના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બહુમાળી પે એન્ડ પાર્કીંગનું કોમ્પલેક્ષ બનાવવામાં આવ્યું છે, પરંતુ નવાઈની વાત તો એ છે કે કરોડોના ખર્ચે બનાવેલ આ પાર્કીંગમાં કોઈ વાહન પાર્ક કરવા આવતું જ નથી. કેમ કે પાર્કીંગ જ્યારથી ઉદઘાટન થયું ત્યારથી પાર્ક કરવાના વ્હીકલોમાં ઉંચી ફી રાખવામાં આવી હોવાથી સામાન્ય નાગરીકો રોજ આવા પૈસા ચુકવવાનું મોંઘુ પડી જાય છે. જેથી વાહનચાલકો તે કોમ્પલેક્ષમાં વાહન પાર્ક કરવા જતાં નથી. પરંતુ બીજી બાજુ કાંકરિયાના આવા મલ્ટીસ્ટોરીડ પાર્કીંગમાં આવક ન થતી હોવા છતાં પણ મહિનાના ઈલેક્ટ્રીક બીલ હજારો રૂપિયામાં ચુકવવામાં આવે છે અને કોમ્પલેક્ષમાં ઉભા રહેલા સિક્યોરીટી ગાર્ડઝનો પણ પગાર ચુકવવામાં આવી રહ્યો છે. જેથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રજાના પૈસાનો બેફામ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશ્નરએ અધિકારીઓને જણાવ્યું હતું કે કાંકરિયા અને તેના આસપાસના વિસ્તારોમાં થતાં ગેરકાયદેસર પાર્કીંગ સામે કાર્યવાહી કરવાનું શરૂ કરી દો તો જ લોકો રૂપિયા ખર્ચીને વાહન પાર્ક કરવાની ટેવ પાડશે.

# દુઃખદ અવસાન

ધનસુરા, તા. ૨૬

આકરૂંદ ચૌધરી પાટીદાર સમાજના અગ્રણી અને સેવા સહકારી મંડળીના ચેરમેન ધીરૂભાઈ હિરાભાઈ પટેલનું દુઃખદ અવસાન થયું છે. ધીરૂભાઈ સેવા મંડળીના પ્રવાસમાં ચિત્તોડગઢ ગયા હતા. જ્યાં તેમને આકસ્મિક હાર્ટ એટેક આવતા તેમનું મોત થયું હતું. સ્વર્ગસ્થ તેમની બે દિકરીઓ અને પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો.

## અંદાજોનો અભ્યાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયના અંતે પણ યોજનાનું કામ આગળ વધી શકયું નથી. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા સ્ટોર્મ વોટર લાઈનની સ્થિતિનો તાગ મેળવવા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. પાટનગર યોજના ભવન દ્વારા સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી સંદર્ભે નકશાનો અભ્યાસ કરી સેકટરોના મુખ્ય રીંગ રોડ પર આ લાઈનનું કામ હાથ ધરવા નવેસરથી દરખાસ્ત તૈયાર કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

## મોદીનું માર્કેટીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપના ગુજરાતના મુખ્યમંત્રી આરએસએસમાં આકી જીંદગી વિતાવી છે. સરદાર સાહેબની પ્રતિમાની વાતો કરીને મત માંગવા માટે ભાજપના પ્રયત્નો નિષ્ફળ જશે. સરદાર સાહેબ દેશને જોડવા માટે આખી જીંદગી લડ્યા જ્યારે ભાજપની વિચારધારા દેશને તોડવાની છે. ભાજપના વડાપ્રદાનપદના ઉમેદવાર છેલ્લા ઘણા સમયથી પોતાના પ્રવચનમાં અને જાહેરાતોમાં મહાત્મા ગાંધીનો ઉલ્લેખ કરે છે ત્યારે ભાજપે જાણવાની જરૂર છે કે, મહાત્મા ગાંધી સત્યના આશરા પર સમગ્ર જીવન વિજાવ્યુ ત્યારે ભાજપ અને તેમના ગુજરાતના મુખ્યમંત્રી જુઠ્ઠાણાનો આશરે લઈ સમગ્ર દેશમાં સવાર ઉગેને જુઠ્ઠાણુ ફેલાવે છે. ભાજપ દ્વારા અને અન્ય પક્ષો દ્વારા યુપીએ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં શુ કર્યુ તેનો વારંવાર ઉલ્લેખનો જવાબ આપતા રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં યુપીએ સરકારે ગરીબોની સામાજીક સુખાકારી અને કલ્યાણ માટે નક્કર પગલા લીધા જેના કારણે દેશમાં ૧૪ કરોડ ગરીબી રેખામાંથી બહાર આવ્યા. દેશના સામાન્ય પરિવારના બાળકોને મફત શિક્ષણ મળે તે માટે ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે મફત શિક્ષણનો અધિકાર દેશમાં લાવવામાં આવ્યો. માહિતી અદિકાર દ્વારા ભ્રષ્ટાચાર સામે લડવા સામાન્ય માણસને સત્તા આપવામાં આવી, દેશમાં ભ્રષ્ટાચાર સામે લડવા માટે માહિતી અધિકાર કાનુન એક મોટુ હથિયાર છે, કોંગ્રેસપક્ષ હંમેશા પ્રગતિની વાત કરે છે. કોંગ્રેસપક્ષ હંમેશા ગરીબોને ન્યાય અને સન્માન આપવા માટે કામ કરે છે, કોંગ્રેસપક્ષ હંમેશા હકારાત્મક રાજીનિતિ કરે છે. ભાજપ હંમેશા ઉદ્યોગપતિઓની વકીલાત કરતું હોય છે તેની વિગતો વાત કરાત રાહુલ ગાંધીએ જાહેરસભામાં ઉપસ્થિત નાગરીકોને પ્રશ્ન પુછ્યો હતો કે ગુજરાતની ભાજપ સરકારના શાસનમાં શું ૧૦૦ ચો.વારનો પ્લોટ મળે છે તમને ? ઈન્દિરા આવાસના મકાનો મળે છે ? ગરીબો માટેની કેન્દ્ર વિવિધ યોજનાનો લાભ તમારા સુધી પહોંચે છે ?

જવાબમાં જંગી મેદનીએ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કરીને જવાબ આપ્યા હતા. ગુજરાતમાં અગાઉ ભાજપ અને તેના આ મુખ્યમંત્રી અડવાણી, જશવંતસિંહ, રાજનાથસિંહ, સુષ્માસ્વરાજની વાતો કરતા હતા, છેલ્લા ઘણા સમયથી ગુજરાતના મુખ્યમંત્રી મોદ-અદાણીના પાટનરશીપના લીધે અદાણીની વાતો કરે છે. ગુજરાનતા મુખ્યમંત્રી ઉદ્યોગપતિઓની ચિંતા ગુજરાતના સામાન્ય માણસોની સમસ્યાઓ ભુલી ગયા છે. ગુજરાતમાં શિક્ષણ અતિ મોંઘુ થયું છે, ગ્રામીણ વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર આરોગ્ય સેવા નાગરીકોને મળતી નથી. આરોગ્ય સેવાનું માળખુ પડી ભાગ્યું છે. ૬૦૦૦ કરાત વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે, ગુજરાતમાં ઉદ્યોગપતિઓને આપેલા કરોડો રૂપિયાના લાભમાંથી ભાજપે મોટા પાયે ભ્રષ્ટાચાર કર્યો છે.

અમરેલી બાદ બોટાદ ખાતે જંગી જાહેરસભાને સંબોધન કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસપક્ષ અને અન્ય પક્ષ વચ્ચેની લડાઈ એ વિચારધારાની લડાઈ છે. ગુજરાતમાં ખેડૂતોની જમીન છીનવી લઈને ઉદ્યોગપતિઓને અપાય છે, ખેડૂતો ખેતીની જમીન ગુમાવીને ખેત મજદુરી તરફ વળી ગયા છે, ગુજરાતમાં ખેતીની જમીનમાં ઘટાડો થયો છે, ખેતમજદુરોની સંખ્યામાં વધારો થયો છે.

## પત્રિકાઓ પકડાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાંધાજનક લખાણો છે. ઓફસેટના મેનેજર કલ્પેશભાઈ રામજીભાઈને આ પત્રિકાઓ કોણે છપાવવા આપી તે અંગે પૂછતા હિતેશ પુરોહિત નામની વ્યક્તિનું નામ ખુલવા પામ્યું છે. ફલાઈંગ સ્કવોડના અશોકભાઈની ફરિયાદને આધારે સે.૨૧ પી.એસ.આઈ અસારી એ આચારસંહિતા ભંગ થયાનું ખુલતા મેનેજર તથા હિતેશ બંને સામે લોક-તિનિધિત્વ ધારો અને જીલ્લા કલેક્ટરના જાહેરનામાં ભંગનો ગુનો નોંધી તપાસ આરંભી છે.

**ડુપ્લેક્ષ વેચવાનું છે**

૨૦૦ વારનું ફૂલ્લી ફર્નિચર સાથે સારી લોકાલિટી, પેથાપુર-ગાંધીનગર મેન રોડથી ૧૦૦ મીટરના અંતરે મહાદેવ મંદિરની બાજુમાં
સંપર્ક
૯૭૧૪૧૦૯૧૦૮

**ટચૂકડી જાહેર ખબર**

**ફ્લેટ ભાડે આપવાનો છે**

ઉમિયા કોમ્પલેક્ષ, D/9-10-11, કુડાસણ, પ્રતિક મોલની પાસે
સંપર્ક કરો
મો. : ૯૮૨૫૫ ૨૩૩૦૯

**જોઈએ છે**

ઉચ્ચક કામ માટે માણસ જોઈએ છે
મો. ૯૯૦૯૯ ૪૩૬૧૪